


## Cadaver Organ Donor

# Lt. Haresh Bhagvanbhai Jajadiya

### He Donated: Kidneys, Liver & Eyes

### Date:- 25/01/2018

DONATE LIFE™
an initiative for organ donation

## Another brain-dead man turns saviour for four

Times News Network

**Surat:** In the second cadaver donation in two days, relatives of a 42-year-old embroidery unit owner from the city donated his organs which gave a new lease of life to four persons on Thursday.

Haresh Jhajadiya, a resident of Mota Varachha, met with an accident while returning home from his embroidery unit located at Anjana farm in Umarwada on January 18. Jhadadiya, who was riding a two-wheeler slipped near VIP circle near Utran and banged with a road divider sustaining serious head injuries.

Jhajadiya was immediately shifted to Kiran Hospital in Varachha where his medical reports, including CT scan detected brain haemorrhage due to clotting of blood. He was operated upon by neurosurgeon Dr Bhaumik Thakore and kept under observation.

On January 24, the neurosurgeon declared Jhajadiya brain-dead and contacted volunteers of DonateLife to convince his family members about cadaver donation.

Volunteers said Jhadadiya's father Bhagwan Jhajadiya had died six months ago as he was suffering from kidney disease. A year ago, his father had registered his name for kidney transplant at Ahmedabad's Institute of Kidney Diseases and Research Centre (IKDRC), but died within six months as he could not get the kidney. The family members of Jhadadiya readily agreed to donate his organs.

A team of IKDRC from Ahmedabad, headed by Dr Suresh Kumar, immediately arrived at Kiran Hospital and accepted the donation of kidneys and liver. The corneas were donated to Lokdrashti Eye Bank for transplant in two persons.

Jhadadiya's kidneys were transplanted in the bodies of Akhil Rasool Budiya (23), a resident of Rajkot and Dr Anil Mishra, a surgeon from Kanpur in Uttar Pradesh. The liver has been kept at IKDRC for research.

Sofar DonateLife has received donations of 238 kidneys, 96 livers, 6 pancreas, 16 hearts and 202 corneas.

## ब्रेन डेड हरेशभाई ने चार लोगों को दी नयी जिंदगी

[illegible]



[illegible]

# हरेशभाई की किडनी से दो लोगों को मिला नया जीवन



ब्रेन डेड हरेश भाई की किडनी से कानपुर के डॉक्टर को मिला नया जीवन।

## छह दिन पहले सड़क दुर्घटना में घोषित किया था ब्रेन डेड

हेल्थ रिपोर्टर | सूरत

लेउवा पटेल समाज के ब्रेन डेड हरेश भाई की किडनी से उत्तर प्रदेश कानपुर निवासी सर्जन डॉक्टर अनिल मिश्रा को नया जीवन मिला। बता दें कि मोटा वराछा यमुना चौक स्थित कृष्णा रेजेन्सी निवासी 42 वर्षीय हरेश भगवान जाजरिया बीते 18 जनवरी को रात 10 बजे काम से लौट रहे थे। रास्ते में उनका एक्सीडेंट हो गया। सिर में गंभीर चोट आई। इलाज के लिए किरण हॉस्पिटल ले जाया गया। सीटी स्कैन रिपोर्ट में पता चला कि ब्रेन हेमरेज हो गया है। बुधवार को डॉक्टरों ने हरेश को ब्रेन डेड घोषित कर दिया, जिसके बाद डोनेट लाइफ संस्था के प्रमुख नीलेश मंडेवाला से संपर्क किया गया। नीलेश के सहयोग से परिजनों से ब्रेन डेड हरीश के अंगदान के महत्व को समझाते हुए अंगदान करने के लिए तैयार किया गया। इसके बाद अहमदाबाद के आईकेडीआरसी हॉस्पिटल से संपर्क किया गया। ब्रेन डेड हरेश की दोनों किडनी और लीवर का दान हुआ, जिसमें एक किडनी राजकोट निवासी अखिल रसूल भाई बुधिया उम्र 23 और दूसरी किडनी उत्तर प्रदेश कानपुर निवासी सर्जन डॉक्टर अनिल मिश्रा में ट्रांसप्लांट किया गया तथा लीवर को रिसर्च के लिए रख लिया गया।

# લેઉવા પટેલ સમાજના બ્રેઈન ડેડ યુવાનના અંગદાનથી ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યું

## એમ્બ્રોઇડરીનું યુનિટ ચલાવતા હરેશભાઇ જાજડિયાના કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પરિવારે માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી

સુરત, તા.૨૫

મોટા વરાછા સ્ટિન ક્રિષ્ના એવન્યુમાં રહેતા અને એમ્બ્રોઇડરીનું યુનિટ ચલાવતા હરેશભાઇ ભગવાનભાઇ જાજડિયા (ઉ. વ. ૪૨, મુળ રહે. વરતેજ, જિ.ભાવનગર) અકસ્માત બ્રેઈન ડેડ થતા પરિવારે તેમનું અંગદાન કરી ચાર વ્યકિતઓને નવજીવન આપ્યું હતું.

ગત ૧૮મીએ હરેશભાઇ ઉમરવાડા આંજણા ફાર્મમાં આવેલ પોતાના એમ્બ્રોઇડરી યુનિટ પરથી રાત્રે ૧૦:૦૦ કલાકે ઘરે પરત કરી રહ્યા હતા ત્યારે વીઆઈપી સર્કલ, ઉત્રાણ પાસે ગાડી સ્લીપ થઈ જતાં માથું ડીવાઈડર સાથે અથડાતા બેભાન થઈ ગયા હતા. તેમને ૧૦૮ દ્વારા કિરણ હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં સિટીસ્કેન કર્યા બાદ તબીબોએ મગજમાં જામેલ લોહી દૂર કર્યું હતું, સારવાર દરમિયાન ૨૪મીએ તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા.

કિરણ હોસ્પિટલના મેડીકલ એડમિનિસ્ટ્રેટર ડૉ. સ્નેહલ પટેલે આ અંગે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી હરેશભાઇના ભાઈ મહેશભાઈ, પિતરાઈ મુકેશભાઈ, ચિરાગભાઈ,



ભરતભાઈ, રવિભાઈ તેમજ પરિવારજના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની રાજકોટના અખિલ રસુલભાઈ બુધિયા (ઉ.વ. ૨૩) અને બીજી કિડની કાનપુર, ઉત્તરપ્રદેશના સર્જન ડૉ. અનીલ મિશ્રા (ઉ. વ. ૨૫)માં અમદાવાદની (Institute of Kidney Diseases and Research Centre)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

# લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ આધેડના કિડની, લિવર અને આંખોનું દાન કરાયું

## એમ્બ્રોઈડરી કારખાનેદાર આધેડને અકસ્માત નડતા માથામાં ઇજા થઈ હતી

સુરત : લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ એમ્બ્રોઈડરી કારખાનેદારની કિડની, લિવર અને આંખોનું દાન કરી પરિવારે ચાર જણાને નવજીવન બક્ષ્યું છે. ઉમરવાડા આંજણા ફાર્મમાં આવેલા એમ્બ્રોઈડરી કારખાનેથી ઘરે પરત ફરતી વખતે મોટાવરાછા, વીઆઈપી સર્કલ પાસે બાઈક સ્લીપ થઈ જતા તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. ગઈકાલે હોસ્પિટલમાં દાખલ તેમને તબીબોએ બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા.



પ્રાપ્ત માહિતી મુજબ મૂળ ભાવનગર જિલ્લાના વરતેજગામના વતની હરેશભાઈ ભગવાનભાઈ જાજડીયા તેમના પરિવાર સાથે મોટાવરાછા, યમુના ચોકની સામે આવેલા ક્રિષ્ણા એવન્યુમાં રહેતા હતા. ઉમરવાડા, આંજણા ફાર્મમાં એમ્બ્રોઈડરી કારખાનું ચલાવતા હરેશભાઈ ગત તા.૧૮મીએ કારખાનેથી બાઈક પર ઘરે પરત ફરી રહ્યાં હતા, ત્યારે મોટાવરાછા, વીઆઈપી સર્કલ પાસે બાઈક સ્લીપ થઈ જતા હરેશભાઈ રોડ પર પટકાતા સાથે માથું ડિવાઈડરમાં ભટકાયું હતું. જેને પગલે તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને લોહીલુહાણ હાલતમાં કતારગામની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. તબીબી તપાસ દરમિયાન બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ ગઈકાલે ચાલી રહેલી સારવાર દરમિયાન તબીબોએ તેમને બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા. આ બાબતે હોસ્પિટલમાંથી ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાને જાણ કરાઈ હતી. ત્યારબાદ ડોનેટ લાઈફની ટીમે હરેશભાઈના પરિવારને અંગદાનનો મહિમા સમજાવતા તેઓ તેમની કિડની, લિવર અને આંખોનું દાન કરવા સહમત થયા હતા. હરેશભાઈની બેમાંથી એક કિડની રાજકોટના અભિલ ચુપીયા (ઉ.વ.૨૩) બીજી કિડની ઉત્તરપ્રદેશ, કાનપુરના ડો. અનિલ મિશ્રા (ઉ.વ.૨૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે બંને આંખોનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું. અને લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

# મોટાવરાછાના લેઉવા પાટીદાર આધેડના અંગદાનથી ચારને નવજીવન અને રોશની મળી

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

લેઉવા પાટીદાર સમાજના બ્રેઈનડેડ આધેડ કારખાનેદારના અંગદાનથી ચાર વ્યક્તિને નવજીવન અને રોશની મળી છે. મૂળ ભાવનગરમાં વરતેજ ગામના વતની અને હાલમાં મોટાવરાછામાં યમુના ચોકની સામે ક્રિષ્ના એવન્યુમાં રહેતા હરેશભાઈ ભગવાનભાઈ જાજડીયા (ઉ.વ. ૪૨)ને સંતાનમાં ૨ પુત્રી અને ૧ પુત્ર છે. તેઓ આંજણા ફાર્મ ખાતે એમ્બ્રોઈડરીનું યુનિટ ચલાવતા હતા. ગઈ તા. ૧૮મી રાતે કારખાનેથી ઘરે જતી વેળા બાઈક સ્લીપ થવાથી માથુ ડિવાઈડરમાં ભટકાતા ગંભીર ઈજા થઈ હતી. હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. જેની જાણ થતાં ડોનેટ લાઈફની ટીમે તેમના પરિવારને અંગદાન અંગે સમજાવતા મૃતકના અંગોનું દાન કરાયું હતું. દાનમાં મળેલી એક કિડની રાજકોટના અભિલ ચુપિયા (ઉ.વ. ૨૩) અને બીજી કિડની ઉત્તરપ્રદેશના કાનપુરના ડૉ. અનિલ મિશ્રા (ઉ.વ. ૨૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ છે. જ્યારે લીવર રીસર્ચ માટે રખાયું છે. બંને ચક્ષુનું દાન લોકદ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટે સ્વીકાર્યું છે.

# અકસ્માતમાં બેભાન થયા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલા એમ્બ્રોઈડરી કારખાનેદારના અંગોનું દાન કરાયું

**ચાર વ્યક્તિઓને નવજીવન અપાયુ, બે કિડની પૈકીની એક કિડની કાનપુરના સર્જન ડૉ. અનિલ મિશ્રામાં ટ્રાન્સપ્લાન્ટ કરાઇ**

સુરત : ઉત્રાણ વીઆઇપી સર્કલ ખાતે બાઇક સ્લીપ થઇ જવાથી બેભાન થયા બાદ સારવાર દરમ્યાન બ્રેઇનડેડ જાહેર કરાયેલા એમ્બ્રોઇડરી કારખાનેદારના અંગોનું દાન કરી અન્ય ચાર વ્યક્તિઓને નવજીવન અપાયું છે. તેઓની બે કિડની પૈકીની એક કિડની કાનપુરના ડૉ. અનિલ મિશ્રામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

મૂળ ભાવનગરના વરતેજ ગામના વતની અને હાલ મોટા વરાછા યમુના ચોકની સામે ક્રિષ્ના એવન્યુમાં રહેતા ૪૨ વર્ષિય હરેશભાઇ ભગવાનભાઇ જાજડીયા હાલ તેઓ આંજણા ફાર્મ ખાતે શ્રી હરી ક્રિએશનના નામથી એમ્બ્રોઇડરી યુનિટ ધરાવતા હતા. તેઓ ગત તા. ૧૮મી જાન્યુઆરીના રોજ તેઓ કારખાનેથી રાત્રે ઘરે પરત જતા હતા. ત્યારે ઉત્રાણ વીઆઇપી સર્કલ ખાતે તેઓની બાઇક સ્લીપ થઇ જતા તેમનું માથુ ડિવાઇડર સાથે ભટકાતા માથામાં ગંભીર ઇજાઓ થઇ હતી અને તેઓ ત્યાં જ બેભાન થયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે કતારગામની કિરણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોરે ક્રેનીઓટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. પરંતુ ગતરોજ ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર, ન્યુરોફિઝીશીયન ડૉ. કુણાલ નાથ અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. દર્શન ત્રિવેદીએ એમ્બ્રોઇડરી કારખાનેદાર હરેશભાઇને બ્રેઇનડેડ જાહેર કર્યા હતા.

આ અંગે ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ થતા તેઓ પણ પોતાની ટીમ સાથે કિરણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને હરેશભાઇને પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતા પરિવારના સભ્યોએ પણ અંગદાન અંગેનું પરવાનગી આપતા તેઓની બે કિડની, એક લીવર અને બે ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. દાનમાં લેવાયેલી બે કિડની રાજકોટના રહેવાસી ૨ વર્ષિય અખિલ રસુલભાઇ બુખિયા અને બીજી કિડની ઉત્તરપ્રદેશના કાનપુરના રહેવાસી સર્જન ડૉ. અનિલ મિશ્રામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 25th January 2018**

**239**
**KIDNEYS**
**96**
**LIVERS**
**6**
**PANCREAS**
**16**
**HEARTS**
**202**
**CORNEA**

DONATE LIFE™
an initiative for organ donation

**Which has given new lease of life &
vision to 556 persons across the country & globe**